सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૬/૦૩/૨૦૨૬. | | |
| ફેસલ તારીખ | ૨૪/૦૪/૨૦૨૬. | | |
| અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૧ | ૧૮ |

# જામનગરનાં સેશન્સ જજ સાહેબશ્રીની અદાલત સમક્ષ.

ફોજદારી પરચુરણ અરજી નં.૩૦૪/૨૦૨૬.
આંક-૧૩.

**શ્રી સરકાર,**
થ્રુ : વી.બી. બરબસિયા, પોલીસ સબ ઇન્સપેકટર,
સિટિ-સી ડિવિઝન પોલીસ સ્ટેશન,
જામનગર શહેર. :: અરજદાર.

**વિરૂદ્ધ**

**અશોકસીંહ પ્રવિણસીંહ ઝાલા,**
ઉ.વ. ૪૮, ધંધો : કાંઇ નહીં,
રહે.રણજીતનગર, નવો હુડકો,
પ્રણામિ સ્કુલ પાછળ, બ્લોક નં.સી/૯,
મકાન નં.૧૯૨૫, જામનગર. :: સામાવાળા.

બાબત : બી.એન.એસ.એસ. કલમ-૪૮૩(૩) મુજબ.

અરજદાર તરફે વિ.એ.પી.પી. શ્રી ડી.આર. ત્રિવેદી.
સામાવાળા તરફે વિ.વ. શ્રી કે.એચ. ધોળકીયા.

-:: **ચુકાદો** ::-

૧. અરજદારે બી.એન.એસ.એસ. કલમ-૪૮૩(૩) મુજબ સામાવાળા/આરોપી નાં જામીન રદ કરી, તેઓને જયુડિશિયલ કસ્ટડીમા મોકલી આપવા માટે હાલની અરજી કરેલી છે.

**૨.** અરજદારની અરજીની ટૂંકમા વિગત એવી છે કે, સિટિ-સી ડિવિઝન પોલીસ સ્ટેશન, જામનગર, ગુ.ર. નં.૧૧૨૦૨૦૦૨૨૫૦૬૩૦/૨૫, બી.એન.એસ. કલમ-૨૦૪, ૨૦૫ તથા ઇમ્મોરલ ટ્રાફિક એકટની કલમ-૩(૧), ૪(૧), ૫(૧), ૫(૧-બી), ૬(૧) મુજબનાં ગુન્હાનાં કામે સામાવાળા/આરોપી ને નામદાર ગુજરાત હાઇકોર્ટ તરફથી રેગ્યુલર/ફોજદારી પરચુરણ અરજી (રેગ્યુલર બેઇલ-આફટર ચાર્જશીટ) નં.૧૯૧૭૬/૨૦૨૫ નાં કામે શરતોને આધીન જામીન મુકત કરવામા આવેલા હોવા છતાં, તેઓએ શરત ભંગ કરેલ હોવાથી તેઓની જામીન મુકિત રદ કરી, જયુડિશિયલ કસ્ટડી મા મોકલી આપવા માટે બી.એન.એસ.એસ. કલમ-૪૮૩(૩) મુજબ હાલ ની અરજી દાખલ કરવામા આવેલી છે.

**૩.** અરજી દાખલ થતાં સામાવાળા/આરોપીને નોટીસ કરવામા આવતા તેઓ તરફે વિ.વ. શ્રી કે.એચ. ધોળકીયા હાજર થયેલા છે.

**૪.** અરજદાર તરફે વિ.એ.પી.પી.શ્રીની મુખ્યત્વે રજુઆત છે કે, આ કામનાં સામાવાળા/આરોપીને નામદાર ગુજરાત હાઇકોર્ટે રેગ્યુલર/ફોજદારી પરચુરણ અરજી (રેગ્યુલર બેઇલ-આફટર ચાર્જશીટ) નં.૧૯૧૭૬/૨૦૨૫ નાં કામે તા.૨૯/૯/૨૦૨૫ નાં રોજ શરતોને આધીન જામીન મુકત કરવામા આવેલા, જે પૈકી શરત નં.6(B)maintain law and order and not to indulge in any criminal activities, 6(i)not enter jamnagar city for a period of one year except for marking presence before the concerned police station and for attending the trial court concerned for trial purpose) મુકવામા આવેલી હોવા છતાં, તેઓએ તા.૨૧/૨/૨૦૨૬ નાં રોજ જામનગર શહેરમા નશો કરી પ્રવેશ કરેલ અને પોતાનાં પત્નિ આશાબા ઝાલા સાથે તોફાન-તકરાર કરતા હાજર મળી આવેલા છે અને તે અન્વયે સિટિ-સી ડિવિઝન પોલીસ સ્ટેશન, જામનગરમા તા.૨૧/૨/૨૦૨૬ નાં રોજ ગુ.ર. નં.૧૧૨૦૨૦૦૨૨૬૦૩૧૫/૨૦૨૬ થી પ્રોહિબિશન એકટ

કલમ-૬૬(૧)(બી), ૮૫ મુજબનો ગુન્હો પણ નોંધાયેલ છે. તે રીતે સામાવાળા/આરોપીએ નામદાર ગુજરાત હાઇકોર્ટનાં હુકમનો અનાદર કરી શરત ભંગ કરેલ છે. તેથી, તેઓનાં જામીન રદ કરી તેઓને જયુડિશિયલ કસ્ટડીમા મોકલી આપવાનો હુકમ કરવા અરજ કરવામા આવેલી છે.

**૫.** સામાવાળા/આરોપી તરફે તેમનાં વિ.વ. શ્રી ધોળકીયાએ મુખ્યત્વે એવી રજુઆત કરેલી છે કે, સામાવાળા/આરોપીનો નામદાર ગુજરાત હાઇકોર્ટનાં હુકમનો અનાદર કરવાનો કે શરત ભંગ કરવાનો કોઇ ઈરાદો ન હતો, પરંતુ તેઓએ પોતાની પત્નિ બિમાર હોવાનાં કારણે જામનગરમા પ્રવેશ કરી, માત્ર પોતાનાં ઘરે જ ગયેલ છે, અન્ય કોઇ જગ્યાએ તેઓ ગયેલા નથી. તેઓએ આંક-૧૦ નાં દસ્તાવેજી પુરાવા લીસ્ટથી તેઓ વિરૂદ્ધ અગાઉ નોંધાયેલા અન્ય ગુન્હાઓ અંગેનાં કેસોમા તેઓ નિર્દોષ છુટેલા છે તે અંગે સેશન્સ કેસ નં.૬૨/૨૦૧૫, ૯૬/૨૦૧૮, ફોજદારી કેસ નં.૮૬૨/૨૦૧૮, ૨૬૭૩/૨૦૨૧, ૩૨/૨૦૨૫ નાં ચુકાદાઓની નકલો, સેશન્સ કેસ નં.૭૮/ ૨૦૨૧ નો ચાલુ છે તે અંગે સ્ક્રિન રીપોર્ટની નકલ તથા ડો.ઉર્વિશા સાવલીયા, બી.એ.એમ. એસ. દ્વારા તા.૨૦/૨/૨૦૨૬ નાં રોજ સામાવાળાનાં પત્નિ આશાબાને લખી આપવામા આવેલી દવાનું પ્રિસ્ક્રિપ્શન રજુ કરેલ છે. અરજદાર વિરૂદ્ધનો ગુન્હો ટ્રાયેબલ બાય જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ છે. અરજદાર કયાંય નાશી, ભાગી જાય તેમ નથી અને તેઓની હાજરી સુનિશ્ચત કરી શકાય તેમ છે. તેથી, ઉપરોકત તમામ સંજોગોમા અરજદારની હાલની અરજી રદ કરવા અરજ કરવામા આવેલી છે.

વધુમા, વિ.વ. શ્રી ધોળકીયાએ **HIMANSHU SHARA V/S. STATE OF MADHYA PRADESH, CRIINAL APPEAL NO.(S). OF 2024 (Arising out of SLP(Crl.) No.(s).786 of 2024) OF HON'BLE SUPREME COURT** નાં ચુકાદા ઉપર આધાર રાખેલ છે, જેમા નામદાર સુપ્રિમ કોર્ટે નોંધેલ છે કે, એક વખત જામીન આપ્યા પછી તેને અમુક જ

સંજોગોમા રદ કરી શકાય, જેમ કે આરોપી દ્વારા તેમને આપવામા આવેલ સ્વતંત્રતાનો દુરૂપયોગ થાય કે જે જામીન આપવામા આવ્યા છે તે કાયદાકીય જોગવાઈઓ ધ્યાને રાખ્યા વગર આપવામા આવેલ હોય કે ખોટીરીતે અને ફ્રોડ કરીને આપવામા આવેલા હોય.

વધુમા, નામદાર સુપ્રિમ કોર્ટે એવું પણ નોંધેલ છે કે, ઘણા બધા સાક્ષીઓ તપાસાઇ ગયા હોય તેવા સંજોગોમા જામીન રદ કરવા જોઇએ નહીં.

વધુમા, તેમણે **PHIRERAM V/S. STATE OF UTTAR PRADESH & ANR., CRIINAL APPEAL NO.3830 OF 2025 (Arising out of Special Leave Petition (Crl.) No.9082 of 2025) OF HON'BLE SUPREME COURT** નાં ચુકાદા ઉપર આધાર રાખેલ છે, જેમા ફકરા નં.પ૬ મા નીચે મુજબ નોંધ કરવામા આવેલ છે ::-

> **56.** This Court then summed up the principles or circumstance governing the cancellation of bail as under: -
>
> "25. Some of the circumstances where bail granted to the accused under Section 439(1) Cr.P.C. can be cancelled are enumerated below:
>
> (a) If he misuses his liberty by indulging in similar/other criminal activity;
> (b) If he interferes with the course of investigation;
> (c) If he attempts to tamper with the evidence;
> (d) If he attempts to influence/threaten the witnesses;
> (e) If he evades or attempts to evade court proceedings;
> (f) If he indulges in activities which would hamper smooth investigation;
> (g) If he is likely to flee from the country;
> (h) If he attempts to make himself scarce by going underground and/or becoming unavailable to the investigating agency;
> (i) If he attempts to place himself beyond the reach of his surety
> (j) If any facts may emerge after the grant of bail which are considered unconducive to a fair trial.
>
> We may clarify that the aforesaid list is only illustrative in nature and not exhaustive." (Emphasis supplied)

વિ.વ. શ્રી ધોળકીયાની રજુઆત મુજબ માત્ર ઉપરોકત સંજોગોમા જ જામીન રદ થઇ શકે અને નામદાર સુપ્રિમ કોર્ટે જામીન રદ કરવાનો નામદાર ગુજરાત હાઇકોર્ટનો હુકમ રદ કરેલો અને જામીન આપેલા. નામદાર સુપ્રિમ કોર્ટે તે ચુકાદામા નોંધેલ છે કે, ઉપરોકત ફકરામા દર્શાવવામા આવેલા કારણો સિવાય અન્ય કોઇ કારણોસર જામીન રદ થઇ શકે નહીં.

**૬.** વિ.એ.પી.પી.શ્રીએ વિશેષમા એવી રજુઆત છે કે, આ કામનાં સામાવાળા/આરોપી વિરૂદ્ધ આ અગાઉ જે સેશન્સ કેસ નં.૬૨/૨૦૧૫ ઇમ્મોરલ ટ્રાફિક પ્રિવેન્શન એકટની કલમ-૩(૧), ૪(૧), ૨(સી), ૫(૧), ૫(બી-૧), ૫(સી), ૬(૧) તથા ઇ.પી. કોડ કલમ-૩૬૬-એ મુજબ, સેશન્સ કેસ નં. ૯૬/૨૦૧૮ ઇ.પી. કોડ કલમ-૩૭૦(૩) તથા ઇમ્મોરલ ટ્રાફિક પ્રિવેન્શન એકટની કલમ-૩(૧), ૪(૧), ૫(૧), ૫(૧બી), ૬(૧) મુજબ, ફોજદારી કેસ નં.૮૬૨/૨૦૧૮ પ્રોહિબિશન એકટ કલમ-૬૫(ઇ), ૧૧૬(બી) મુજબ, ફોજદારી કેસ નં.૨૬૭૩/૨૦૨૧ પ્રોહિબિશન એકટ કલમ-૬૬(૧)બી, ૮૫(૧) મુજબ તથા ફોજદારી કેસ નં.૩૨/૨૦૨૫ પ્રોહિબિશન એકટ કલમ-૬૫(એ)(ઇ), ૮૧, ૮૩ તથા બી.એન.એસ. કલમ-૩૫૦(૧), ૩૧૬(૨), ૬૧ મુજબનાં ગુન્હાઓ નોંધાયેલા હતાં, જે પૈકી સેશન્સ કેસ નં.૬૨/૨૦૧૫ મા સામાવાળા/આરોપીને શંકાનો લાભ આપવામા આપવામા આવેલ છે અને ફોજદારી કેસ નં.૨૬૭૩/૨૦૨૧ મા તકસીરવાન ઠરાવવામા આવેલા છે. આમ, આરોપીને એક ગુન્હામા સજા થયેલી છે અને બાકીનાં ગુન્હાઓમા તેઓને પુરાવાનાં અભાવે શંકાનો લાભ આપવામા આવેલ હોય કે નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવેલા હોય તેનાથી આરોપી ગુન્હાહીત ઇતિહાસ ધરાવતા નથી તેવું માની શકાય નહીં. તેથી, હાલની અરજી મંજુર કરવા રજુઆત કરવામા આવેલી છે.

૭. બંને પક્ષકારોનાં વિ.વ.શ્રીઓની રજુઆતો સાંભળી, સમગ્ર રેકર્ડ તથા સામાવાળા/આરોપી તરફે આંક-૧૦ થી રજુ કરવામા આવેલા દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ કરવામા આવેલા તમામ દસ્તાવેજો વંચાણે લીધા.

૮. આ કામે આરોપી તરફે રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લેતા સામાવાળા/ આરોપી વિરૂદ્ધ અગાઉ આ જ પ્રકારનાં ૩ અને પ્રોહિબિશનનાં ૩ ગુન્હાઓ મળી કુલ છ ગુનાઓ નોંધાયેલા છે. સામાવાળા/આરોપી તરફે આંક-૧૦ નાં દસ્તાવેજી પુરાવા લીસ્ટ સાથે ચુકાદાઓની નકલો રજુ કરી એવી રજુઆત કરવામા આવેલી છે કે, તેઓ તમામ કેસોમા નિર્દોષ છુટી ગયેલા છે.

ઉલ્લેખનીય છે કે, અરજદારની રજુઆત મુજબ તેઓ વિરૂદ્ધ અગાઉ નોંધાયેલા ગુન્હાઓમા તેઓ પુરાવાનાં અભાવે નિર્દોષ છુટી ગયેલા હોવાનું માની લેવામા આવે તો પણ તેઓને કાયદામા દર્શાવવામા આવેલી જોગવાઈઓનો લાભ મળેલો હોવા માત્રથી તેઓ ગુન્હાહીત ઈતિહાસ ધરાવતા હોવાની હકીકત નજરઅંદાજ કરી શકાય નહીં.

૯. ઉલ્લેખનીય છે કે, નામદાર ગુજરાત હાઈકોર્ટે સામાવાળા/આરોપીને શરતો ને આધીન જામીન મુકત કરવામા આવેલા હોવા છતાં, તેઓએ નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી મુકવામા આવેલી શરત નં.૬(બી) અને ૬(આઈ) નો ભંગ કરી પ્રોહીબીશન એકટ અન્વયેનો ગુન્હો કરેલ છે અને તેઓને તા.૨૮/૯/૨૦૨૬ સુધી જામનગર શહેરની હદમા પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકવામા આવેલ હોવા છતાં, તા.૨૧/૨/૨૦૨૬ નાં રોજ પ્રવેશ કરેલ છે અને તે અંગે પોતાની પત્નિની બિમારીનું કારણ દર્શાવવામા આવેલ છે, પરંતુ તેઓનાં પત્નિની બિમારી અંગે જે ડોકટરે દવા લખી આપેલી છે તે ધ્યાને લેતા માત્ર સામાન્ય તાવની બિમારી હોવાનું જણાય છે. એટલું જ નહીં પરંતુ, સામાવાળા/આરોપી વિરૂદ્ધ તેઓનાં પત્નિએ જ તા.૨૧/૨/૨૦૨૬ નાં

રોજ સિટિ-સી ડિવિઝન પોલીસ સ્ટેશન, જામનગરમા ગુ.ર. નં.૧૧૨૦૨૦૦૨૨૬૦૩૧૫/૨૦૨૬ થી પ્રોહિબિશન એકટ કલમ-૬૬(૧)(બી), ૮૫ મુજબની ફરીયાદ નોંધાવેલી છે.

**૧૦.** ઉલ્લેખનીય છે કે, ઉપરોકત શરતોનો સામાવાળા/આરોપી દ્વારા ભંગ કરવામા આવેલ છે તે ઉપરાંત નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી શરત નં.6(e) mark presence before the concerned police station once in a month for a period of six months between 11:00 a.m. to 2:00 a.m. મુકવામા આવેલી હોવા છતાં, તેઓએ તેનું પણ પાલન કરેલ નથી અને સબંધીત પોલીસ સ્ટેશનમા તા.૨૮/૩/૨૦૨૬ સુધી દર માસે હાજરી પુરાવવાની હોવા છતાં, ફેબ્રુઆરી-૨૬ થી હાજરી પુરાવેલી નહીં હોવાનું અરજદાર તરફે રજુ થયેલ માર્ક-૩/૯ નાં હાજરી રજીસ્ટરનાં ઉતારા ઉપરથી ફલીત થાય છે. તેથી, સામાવાળા/આરોપીએ સદર શરતનો પણ ભંગ કરેલ છે, પરંતુ તે બીજા કેસની શરતનો ભંગ છે.

**૧૧.** વધુમા, વિ.વ. શ્રી ધોળકીયા દ્વારા જે ચુકાદા ઉપર આધાર રાખેલ છે તેમા HIMANSHU SHARA V/S. STATE OF MADHYA PRADESH, CRIINAL APPEAL NO.(S). OF 2024 (Arising out of SLP(Crl.) No.(s).786 of 2024) OF HON'BLE SUPREME COURT નો ચુકાદો ધ્યાને લેવામા આવે તો, સદરહુ કિસ્સામા જે નામદાર હાઈકોર્ટ દ્વારા જામીન આપવામા આવેલ તે નામદાર હાઈકોર્ટ રૂબરૂની કેન્સલેશનની જામીન અરજી રજુ નહીં થતાં અન્ય નામદાર હાઈકોર્ટ રૂબરૂ રજુ થયેલ જેની નોંધ લેવામા આવેલ. વધુમા, સદરહુ ચુકાદામા એવું પણ નોંધેલ છે કે, જયારે કોઇ જામીનની શરતોનો ભંગ કરે ત્યારે જામીન રદ થઇ શકે.

અગાઉ ચર્ચા કરી તે મુજબ આરોપીએ શરતોનો ભંગ કરેલ છે. તેથી, સદરહુ ચુકાદો આરોપીની વિરૂદ્ધનો છે.

**૧૨.** વધુમા, વિ.વ. ધોળકીયાએ PHIRERAM V/S. STATE OF UTTAR PRADESH & ANR., CRIINAL APPEAL NO.3830 OF 2025 (Arising out of Special Leave Petition (Crl.) No.9082 of 2025) OF HON'BLE SUPREME COURT નાં ચુકાદા ઉપર આધાર રાખેલ છે, તેમા જે શરતોનો ઉલ્લેખ છે તેમા જયારે આરોપી તેમને આપવા મા આવેલ સ્વતંત્રતાનો દુરૂપયોગ કરે અને અન્ય પ્રકારની ફોજદારી પ્રવૃત્તિમા પોતાની જાતને સંડોવે તેવા સંજોગોમા જામીન રદ થઇ શકે છે. વધુમા, સદરહુ ફકરા નં.૫૬ મા જે શરતો લખવામા આવેલ છે તેમા સદરહુ શરતો માત્ર ઉદાહરણ તરીકે છે, તે પરિપૂર્ણ નથી. વધુમા, તેમા ઠરાવેલ છે કે, જે જામીનની સ્વતંત્રતા છે તે કાયમી નથી, પરંતુ શરતી છે અને આરોપીની વર્તણૂંક પણ જોવી પડે, જેનો ફકરા નં.૫૯ મા ઉલ્લેખ કરવામા આવેલ છે. આમ, સદરહુ ચુકાદો પણ હાલનાં આરોપી વિરૂદ્ધનો છે.

**૧૩.** આ કામે સામાવાળા તરફે આંક-૧૨ થી રજુ થયેલ વાંધા અરજીમા કરવામા આવેલ મુખ્યત્વે રજુઆત મુજબ તેઓની દિકરી દ્વારા તેમની તથા તેમની માતાની તબિયત ખરાબ હોવાથી હોસ્પિટલ લઇ જવા માટેની ટેલીફોનિક જાણ થતાં તેઓ જામનગર મુકામે આવેલ હતાં, તેઓનો નામદાર અદાલતે ફરમાવેલ શરતનો ભંગ કરવાનો કોઇ આશય ન હતો. તેઓએ એવી પણ રજુઆત કરેલી છે કે, તેઓએ દર માસે હાજરી પુરાવેલી છે અને અરજદાર દ્વારા અધુરી અને ગેરમાર્ગે દોરતી બીજા કેસની હાજરી પત્રકની નકલ રજુ રાખેલી છે, તે હકીકત ધ્યાને લઇ અરજી રદ કરવા અરજ કરેલી છે.

ઉલ્લેખનીય છે કે, ઉપરોકત કરવામા આવેલી તમામ ચર્ચા ધ્યાને લેતા સામાવાળા તરફે તેઓનાં પત્નિ કે દિકરીને હોસ્પિટલમા લઇ જવામા આવેલ હોવાનું જણાઇ આવતુ નથી, પરંતુ સામાવાળાનાં પત્નિએ માત્ર ફેમીલી ફીઝીશીયન પાસેથી દવા લીધેલી હોવાનું જણાય છે. ઉલ્લેખનીય છે કે, બીજા કેસની હાજરી પુરાવવાની શરતોનો ભંગ થયો હોય તેવું પ્રથમ દર્શનીય રીતે જણાય છે.

**૧૪.** આમ, ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા હાલનાં અરજદારે નામદાર ગુજરાત હાઇકોર્ટ તરફથી તેમની ઉપર મુકવામા આવેલી શરતોનું પાલન કરેલ નથી, જામનગર શહેરમા પ્રવેશ કરવાની મનાઇ હોવા છતાં પણ તેઓ આવેલા છે અને તેમનાં પત્નિને સાધારણ તાવની બિમાર હોવાથી તેમનાં પત્નિનાં બિમારીનાં બહાના હેઠળ આવેલા છે. વધુમા, તેમણે પ્રતિબંધિત દારૂ અન્વયે પ્રોહિબિશન એકટ અન્વયેનો ગુન્હો કરેલ છે અને દારૂ પી ને આવેલા છે. આમ, તેમણે ફરીથી ગુન્હો આચરેલ છે તેમજ ઘણાં સાહેદો તપાસાઇ ગયેલા છે, ટ્રાયલ ઝડપથી પુરી થઇ જશે તેવી અપેક્ષા રાખી શકાય છે. તેવા સંજોગોમા પણ હાલનાં સામાવાળા/આરોપીએ નામદાર ગુજરાત હાઇકોર્ટ તરફથી તેઓને શરતોને આધીન જામીન મુકત કરવામા આવેલા હોવા છતાં, શરતોનો ભંગ કરેલ છે. તેથી, તેઓની જામીન મુકિત રદ કરી તેઓને જયુડિશિયલ કસ્ટડીમા લેવાનો હુકમ કરવો ન્યાયોચીત જણાઇ આવે છે. તેથી, ન્યાયનાં હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

-:: **હુકમ** ::-

**૧.** અરજદારની હાલની જામીન અરજી મંજુર કરવામા આવે છે.

**૨.** આ કામનાં સામાવાળા/આરોપીનાં જામીન રદ કરવામા આવે છે.

**૩.** સામાવાળા/આરોપીને જયુડિશિયલ કસ્ટડીમા લેવા માટે હુકમ કરવામા આવે છે. સબંધીત પોલીસ સ્ટેશને કાયદેસર કાર્યવાહી કરવા હુકમ કરવા મા આવે છે અને તે માટે જરૂરી વોરંટ ઇસ્યુ કરવા હુકમ કરવામા આવે છે.

**૪.** હુકમની યાદી સબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

આ હુકમ આજરોજ તા.૨૪મી એપ્રિલ, ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

જામનગર.
તા.૨૪/૪/૨૦૨૬.
વી.વી. જોટાણીયા.

Digitally signed by
NEHAL RAJESHBHAI JOSHI
on 24/04/2026 16:16:23 IST.

**(નેહલકુમાર રાજેશભાઇ જોષી)**
સેશન્સ જજ
કોડ નં.જીજે ૦૧૩૧૮, જામનગર